શામળાજી નજીક ૩૨.૫૪ લાખની લૂંટ ચલાવનાર ગેંગ ઝડપાઈ

શામળાજી નજીક લકઝરી બસમાંથી આંગડિયા પેઢીના ૩૨.૫૪ લાખની લૂંટ ચલાવનાર ગેંગને રાજસ્થાનમાંથી ઝડપી

ઉદેપુર થી અમદાવાદ લકઝરી બસમાં આર.સી.પટેલ આંગડિયા પેઢીના કર્મચારી નવારામ બાબારામ ચૌધરી (રહે,મોરલી,રાજ) સોના-ચાંદીના દાગીના ભરેલ થેલા સાથે મુસાફરી કરી રહ્યો હતો લકઝરી બસ શામળાજી નજીક આવેલી હોટલ સમ્રાટ પાસે ઉભી રહેતા લકઝરી બસમાં સીટ પર થેલો મૂકી નીચે ઉતરતા રેકી કરેલ ગેંગનો સભ્ય લકઝરી બસમાંથી સોના-ચાંદી ભરેલો થેલો (સોનાના દાગીનાના પાર્સલ-૧૦) રૂ.૩૨૫૪૨૧૦/- લૂંટ કરી કાળા કલર ની સ્કોર્પિયોમાં ગેંગના સભ્યો સાથે રફુચ્ચકાર થતા આંગડિયા પેઢીના કર્મચારીનો થેલો ગુમ થતા શામળાજી પોલીસે સ્ટેશનમાં લૂંટની ઘટનાનો ગુન્હો નોંધાતા શામળાજી પોલીસે લૂંટારુ ગેંગના સાગરીતોએ લૂંટની ઘટનામાં વપરાયેલી સ્કોર્પિઓ ગાડી સીસીટીવી ફુટેજમાં કેદ થતા સ્કોર્પિઓ ગાડીના નંબરના આધારે તપાસ હાથધરી ૯ દિવસમાં રાજસ્થાનના પાલી-સુમેરપુર હાઈવે પરથી સ્કોર્પિયોમાં પસાર થતા ૧) માનવેન્દ્રસિહ ઉર્ફે કાલુ ભોપાલસિહ જોધા હાલ રહે દુજાના મુળ રહેલ પાવા તા સુમેરપુર જી પાલી રાજસ્થાન (૨) રવીન્દ્રસિહ મુલસિહ દેવડા રહે મોરડુ તા સુમેરપુર જી પાલી રાજસ્થાન નાઓને પકડી લીધેલ અને તેઓની પાસેથી મોબાઈલ નંગ-૩ આ ગુન્હાના કામે વપરાયેલ સ્કોરપીયો ગાડી કિ રૂ ૭,૦૦,૦૦૦/- તથા ચોરીમાં ગયેલ સોના-ચાંદી દાગીના પૈકી ના સોના-ચાંદી ના દાગીનાઓનો મુદ્દામાલ કિ રૂ ૨૦,૩૩,૧૬૨/- નો મુદ્દામાલ કબજે કરી આ લૂંટની ઘટનામાં સંડોવાયેલા અન્ય શખ્શોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટિલના માર્ગદર્શન હેઠળ શામળાજી પીએસઆઈ મેહુલ ચૌહાણ અને તેમની ટીમ અને એલસીબીએ

સંયુક્ત તપાસ હાથધરી હોટલ શામળાજી નજીક આંગડિયા પેઢીના કર્મચારીને લૂંટી લેનાર ગેંગને સીસીટીવી કેમેરામાં કેદ થયેલ અને લૂંટની ઘટનામાં ઉપયોગમાં લીધેલ રંગ ની સ્કોરપીયો ગાડી નંબર(ઈત્ન-૨૨ેંછ-૬૦૬૪) ના આધારે બાતમીદારો રોકી રાજસ્થાનના પાલી વિસ્તારમાં ધામ નાખી બે શખ્શોને દબોચી લીધા હતા.

આંગડિયા પેઢીના કર્મચારીની કામગીરી અને મુસાફરીની સંપૂર્ણ જાણકાર હનુવંતસિહ ઉર્ફે હંસા દેવડા (રહે,બાગસીન) તથા રવીન્દ્રસિહ મુલસિહ દેવડા (રહે,મોરડુ) રાજસ્થાન નાઓએ રેકી કર્યા બાદ લૂંટની ઘટનાને અંજામ આપવા

રવીન્દ્રસિહ મુલસિહ દેવડા અને પ્રધ્યુમનસિહ ઉર્ફે છોટુસિહ રાજપુત (રહે,જાવાલ) આંગડિયા પેઢી જે લકઝરીમાં મુસાફરી કરતો હતો તેમાં મુસાફર તરીકે બેસી ગયા હતા ગેંગના અન્ય ત્રણ શખ્શ ૧) પરીક્ષીતસિહ ઉર્ફે સેલુ વિક્રમસિહ દેવડા રહે ખીવાંદી તા સુમેરપુર જી પાલી રાજસ્થાન,૨) માનવેન્દ્રસિહ ઉર્ફે કાલુ ભોપાલસિહ જોધા હાલ રહે દુજાના મુળ રહેલ પાવા તા સુમેરપુર જી પાલી રાજસ્થાન,૩) યુવરાજસિહ ઉર્ફે ગોરધનસિહ મીટુસિહ દેવડા રહે બાકલી તા સુમેરપુર જી પાલી રાજસ્થાન નાઓ બ્લેક કલરની સ્કોરપીયો ગાડી નં ઈત્ન-૨૨ેંછ-૬૦૬૪ ની મા બેસી ઉપરોકત લકઝરી બસ ની પાછળ પાછળ કાળા કલરની સ્કોર્પિઓ ગાડીમાં પીછો કરી રહ્યા હતા લકઝરી બસ શામળાજી નજીક હોટલ સમ્રાટ પાસે ઉભી રહેતા આંગડિયા પેઢીનો કર્મચારી ચા-પાણી કરવા નીચે ઉતરતા તકનો લાભ લઈ સોનાના દાગીના ભરેલ થેલો લઈ સ્કોર્પિયોમાં બેસી રફુચક્કર થયા હતા શામળાજી પોલીસે ૨ આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ અન્ય ત્રણ શખ્શોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

સાબરકાંઠા આંજણા-ચૌધરી સેવા સમાજની બેઠકમાં સાત ડિરેક્ટરોનું સન્માન કરાયુ

બન્ને જિલ્લાના આંજણા-ચૌધરી સેવા સમાજ માટે સંકુલ ઉભું કરવાનું પણ નક્કી કરાયું

ભિલોડા, તા.૬

સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક કામો માટે અરવલ્લી-સાબરકાંઠા આંજણા-ચૌધરી સેવા સમાજની રચના અને તેની નોંધણી થયા પછીની પ્રથમ એક બેઠક ભિલોડાની પ્રેરણા વિદ્યાલયમાં રવિવારે મળી હતી.

સમાજના મોભી હરિભાઈ ચૌધરી (ગાંધીનગર)ના અધ્યક્ષસ્થાને મળેલ આ બેઠકમાં બન્ને જિલ્લાના આંજણા-ચૌધરી સેવા સમાજ માટે સંકુલ ઉભું કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. બેઠકમાં સમાજને લગતા અન્ય કામોની ચર્ચા અને પરસ્પર વિચારોની આપ-લે કરવામાં આવી હતી. આ બેઠકમા તાજેતરમાં સાબરડેરીમાં બિનહરીફ ચૂંટાયેલા આંજણા સમાજના તમામ ૭ ડિરેક્ટરોનું સન્માન કરવામાં હતું. સન્માનિત કરાયેલા સાબરડેરીમાં બિનહરીફ એવા આંજણા સમાજના સાત ડિરેક્ટરોમાં પીઢ સહકારી અગ્રણી કનુભાઈ મણીભાઈ પટેલ (બાયડ), જયંતિભાઈ પટેલ (મુન્શીવાડા), કાન્તિભાઈ સોમાભાઈ (ધનસુરા), જેશીંગભાઈ પટેલ (ખેરાડી), સચિન અરવિંદભાઈ પટેલ (ધનસુરા), કનુભાઈ આર. પટેલ (ચિત્રોડા) અને બ્રિજેશ પટેલ ખેડબ્રહ્માનો સમાવેશ થાય છે.

પાલનપુર ખાતે ૨૯મીએ ડાક અદાલત યોજાશે

પાલનપુર, તા. ૬

અધિક્ષકશ્રી ડાકઘર બનાસકાંઠા ડિવીઝન, પાલનપુર દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે બનાસકાંઠા પોસ્ટલ ડિવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચત બેંકના પ્રશ્નોનો નિકાલ કરવા તા. ૨૯-૩-૨૦૧૯ના રોજ સવારે ૧૧ કલાકે અધિક્ષકશ્રી ડાકઘર, બનાસકાંઠા, પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે ફરીયાદ/આવેદનપત્ર ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, અદફીસ ઓફ ધી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ, બનાસકાંઠા ડીવીઝન, પાલનપુરને તા. ૧૮-૩-૨૦૧૯ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવાયું છે. ત્યારબાદ આવેલ ફરીયાદ/આવેદન પત્ર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સાબરકાંઠાના ૨૦ હજારથી વધુ શ્રમિકોને શ્રમયોગી યોજનામાં આવરી લેવાશે

હિંમતનગર, તા. ૬

અસંગઠીત શ્રમયોગીઓના હિતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અમલમાં મુકાઈ છે. ત્યારે તેમાં સાબરકાંઠાના ૨૦ હજારથી વધુ શ્રમિકોને આવરી લેવામાં આવશે. એમ મંગળવારે હિંમતનગર ખાતે યોજોલા એક કાર્યક્રમમાં પાણી પુરવઠા અને જિલ્લાના પ્રભારી મંત્રીએ જણાવ્યુ હતુ. હિંમતનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બોલતા મંત્રી પરબતભાઈ પટેલે વધુમાં જણાવ્યુ હતુ કે અસંગઠીત ક્ષેત્રોના કામદારોને સુરક્ષા કવચ આપવાની સાથે તે માનભેર જીવન જીવી શકે તે માટે પેન્શન યોજના સરકાર દ્વારા શરૂ કરાઈ છે. દેશમાં અત્યારે ૪૨ કરોડથી વધુ શ્રમિકો પૈકી હાલના તબક્કે એક કરોડથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

ધાનેરાની કારગિલ હોટલ પાસે કાર અને ટ્રેલર વચ્ચે અકસ્માત

ધાનેરા, તા.૫

ધાનેરા માં ટ્રેઈલર અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા કર ચાલાક ને ગંભીર ઈજા થવા પામી છે ત્યારે ગંભીર રીતે ઘવાયેલા કાર ચાલાક ને ૧૦૮ મારફતે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યો છે કર ચાલાક ની હાલત વધુ ગંભીર હોવાથી વધુ સારવાર અર્થે આગળ ખસેડાયો છે

ધાનેરા ની કારગિલ હોટલ પાસે ના ત્રણ રસ્તા ઉપર કાર અને ટ્રેઈલર વચ્ચે અકસ્માત સર્જાતા ટ્રાફિક જામ ના દર્શ્યો સર્જાયા હતા અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા કર માં ફસાયેલ કર ચાલાક ને લોકોએ બહાર નીકાળી ધાનેરા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ના પાયલોટ હરેશ દવે અને ઈએમટી ભરતભાઈ ચૌધરી તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલ ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડ્યા હતા ત્યાં ફરજ પરના ડોક્ટર દ્વારા પ્રાથમિક સારવાર કરી હતી અને ઘાયલ ની હાલત વધુ ગંભીર જણાતા વધુ સારવાર અર્થે આગળ રીફર કાર્ય હતા.

મહેસાણા જિલ્લાના પ્રેસ ફોટોગ્રાફર વિરેન્દ્ર રામીના માતૃશ્રીનું અવસાન

મહેસાણા, તા. ૬

મહેસાણા જિલ્લાના જાણીતા પત્રકાર/પ્રેસ ફોટોગ્રાફર વિરેન્દ્રકુમાર નટવરલાલ રામી (ધિણોજ-મહેસાણા)ના માતૃશ્રી પદમાબેન રામીનું આજે ટૂંકી માંદગી બાદ ૮૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.ની સ્મશાનયાત્રા બપોરના સમયે તેમના નિવાસસ્થાન વિઠ્ઠલપાર્ક સોસાયટી મહેસાણા ખાતેથી નીકળી હતી.

જેમાં જિલ્લાના વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો, કાર્યકરો, પત્રકારો, પ્રેસ ફોટોગ્રાફરો, સમાજના આગેવાનો વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા.

સ્વ. પદમાબેન રામી ધર્મપરાયણ, કર્મનિષ્ઠ, પરોપકારી અને ઉદાર સ્વભાવના હતા.